


સારદાના મહિના

રાગ સંદેશાનો.

આસો માસે સમરૂં માતા સરસ્વતી,
વાસ વસો જીભ્હાએ આવી માત જો;
નર નારીને નવરાતરી મન માનતી,
રજની દીવસ હ્રદય સહુના રળીયાત જો;
એક થઈ સમરૂં છું માતા સારદા. ૧
[illegible] તક માસે પંડીત કાળી દાસની
[illegible] જીભે આપ્યું માતા વરદાન જ.
[illegible] રત ચોપડીએ જાણે તે અવતરયો,
અ[illegible] રથયોને અમરૂકરયા રાજાને જો; સેવ૦
માગશરે માતા મળવાની આસછે,
અલબેલી તું પુર અમારા કોડ જો;
જગદંબા છોજી જીભે જશ દાયની,
આપ પ્રતાપે નાવે ખાંપણ ખોડજો; સેવ૦ ૩
પોશે પંડીત પામ્યા પ્રખ્યાતી કઈ,
તે સઘલોછે માવડી તુજ પ્રતાપજો;
પાર ન પ્રાહમા શેષ મહેશ તુજ પામીયા
કહી ગયા તે વેદ પુરાણે છાપજો; સેવક૦ ૪.
માઘે પંડીત માઘ ગયો થઈ મલપતો,

તેને નામે મહીનો લખીયો માઘનો;
વળી પાંચમ દીન પ્રગટી વસંત પંચમી,
દીન રજની નવ લાગ્યો એક કાયનો; સે૦ ૫
ફાગણ માસે હોળી આવી ફાલતી,
રસ બીજરાને શુભ ખીલે શણગારનો;
જો માતા કીંકર પરતું કરૂણા કરે,
ખતીશે તો માનું તારો ઉપકારનો; સેવક૦ ૬
ઈતરે ચીત ચોટયું છે તુજ ચરણમાં,
ચરણમાં કર તું તારો વાસનો;
...કે આવ્યો તે ઉગારતું,
.દયાળ તું હું છું તારો દાસ જો; સે૦
ઈયાખે વીપત વીદારો વીરવની,
ાટલું માગું અંતર અતી અકળાયનો;
તુ માતા પીતા તું છું આ માવડી,
તું રીઝે તો કરે રાંકને રાયનો; સેવક૦ ૮
જેઠ તાપ તપે મારૂં તનકુ તપે,
શીતળ કરીને છાંટો ઠંડુ નીર નો;
અમરત પાઈ ઉછેરો માતા માહરી,
વની લાગતા તો મારી ભીડનો; સેવક૦ ૯
.. શાડ મહીને છોડ અશાડી આપનો,
જાણો માજી જનમો જનમ જરૂર નો;

ઘન ગરજે ને વળી ઝબુકે વીજળી,
દરસ્ટી તારી થકી નથી હું દુર જો, સેવક ૧૦
સાવણ માસે સેવુંને સમરૂં સદા,
ઘર તે પર તું માતા તારૂં ધ્યાન જો;
રસ બસ કર રસના રસથી ભરપુર તું,
વળી વળી માગુ એ તારૂ વરદાન જો. સે૦ ૧૧
ભાદરવો ભલી ભાત ભજાવો ભકતની,
ભાવે ભાવે તોજ મલે વઈભોગ જો;
એવીજ છે ઈચ્છા મા મારે અંતરે,
મનમોહનને રીઝે સજન લોકજો. સે૦ ૧૨

બહુચરાજીના મહીના

શીવશંકરભોળા એ રાગ.

અંતરે ચીત ઘણું બાંધ્યું, નમી નમી બહુચર આરાધ્યું; મન મારૂં ગોંધી જઈ લાધ્યું, સેવોને સાનખલપુર રાણી. ૧

વઈશાખે વાવલીયા વાયા, માજીના મહીના આવ્યા; આ બાળાની મોટી છે માયા, સેવો ને સાનખલપુર રાણી. ૨

જેઠ તો જુગતીછે સારી, હરી હર બ્રહ્મ થકી ન્યારી; જાઉં ગોખ ઊપર બલીહારી સે. ૩

આશાડે તો મેઘ ઘણુ ગાજે,છતર શીર બહુચ
રને છાજે,ચારપહોરચોઘડીઆં વાજે; સે.૪
શ્રાવણ શરવડીએ વરસે.માજીને ભજશે તે
તરશે; નકી બીજા અથડાઈ મરશે, સે. ૫
ભાદરવો ભલી પેરે ગાજ્યો, સેવકને સાનમુ
ખ થાજો; બુડંતાં બાવલડી સાજો, સે૦ ૬
આસોમાસે આવી દીવાળી,આવ્યાંછે અ
બાને કાળી; ગરબે રમો બહુચરાબાળી,સે.
કારતકે કોયલડી બોલે, ન આવે મારી મા
જીને તોલે; તે જોતાં ત્રણ ભુવન ડોલે, સે ૮
માગશરે સરોવરમાં નાય,ચાચર આવી ગર
બા તો ગાય;સેવકની મા કરજો સાય, સે. ૯
પોશે પ્રીત ઘણી ધારી,પાંડવ પાંચે લીધાઉ
ગારી; કઊરવ સરવે ગયા હારી, સે૦ ૧૦
માહે તો મને નથી ગમતુ,મન મારૂં રહેછેરે
ભમતું; મન મારૂં માજીમાં રમતું,સે. ૧૧
ફાગણે ફરફરતી હોળી,પહેરયાં માએ ચર
ણાંને ચોળી;કેસરબહુ છાંટયાંછેઘોળી,સે.૧૨
બારે માસ પુરણ કીધા, દહીતને દંડ ભલા
દીધા;અમર સઊને ઊગારી લીધા, સે. ૧૩
આશો શુદ બીજને બુધવારે, બારે માસ પ

પા નીરધારે; વલભની ચડનો મા વારે,
સેવોને રાનખજ્ઞપુર રાણી.   ૧૪

જીવણ પ્રાણના મહિના

રથ આવ્યા અક્રૂરના, છુટયા નંદદરબાર;
શબ્દ કરેછે સુંદરી, વળી જુએછે વાટ.

રથ જોડીને રાઘવ ચાલ્યારે, મથુરાના તે મા
રગ ઝાલ્યારે; વ્હાલો ડોક વાળી વાળી
જુએરે; નેણ ભરેને રાધકા રૂએરે; મારા
બાળાતેપણના બેલીરે, શું જાઓછો માયા
મેલીરે; જીવનપ્રાણછો, આત્મા રામછો. ટેક
કારતગ મહીને કંથ સાંચાવ્યા રહી ન શકે
નારી; અંતરજામી નથી અજાણ્યા, હંસ
ઊડયા રહી હારી; મેં તો શંભુજીની સેવ
ના ન કીધીરે, મેલી થાપણ ઓળવી
લીધીરે; મારી હરીએ દયાતજી દીધીરે, જીવ
ન પ્રાણછો, આત્મા રામછો.   ૧
માગશર મહીને મેલી ગયા, જઈ બેઠા જ
ગદીશ, કોઈ સંદેસો લાવે સ્યામનો, તેને
ચરણ નમાવું શીશ; તેને ચરણ નમાવું
શીશરે; કોઈ દેખાડો જગદીશરે; હું શું

રસોઈ બત્રીશરે, જીવનપ્રાણછો, આત્મારા
મછો. ૨

પોષ મહીનાની પ્રીતડી, જોબનની જંજાળ
જમણ હતાં તે જમી ગયા, ઠાલા મેલ્યા થાળ;
હરીએ ઠાલા તે મેલ્યા થાળરે, એવી જોબ
ન તણી જંજાળરે; મારી જાય જુવાની
બાળરે, જીવનપ્રાણછો, આત્મારામછો. ૩

મહા મહીનાની ટાહડી, અતી રાતે અંધ-
કાર; આંસુ લોચન વહી ગયાં, વરસે શો
ણીત ધાર; મનેવ્હેનની તે વેદના થાયરે, હું થી
એકલડાં ન રેહેવાયરે; મારી થરથર કંપે
કાયરે, જીવનપ્રાણછો, આત્મારામછો. ૪

ફાગણ ફુલ્યો ફુલડે, રમતા રાઘવરાય;
આ શું ફુલે સુંદરી, હરી તજી ગયા જમ
ણી બાહ્ય; વહાલો સોળસે ગોપીયો માંય-
રે, કાનુને કાંઈ ન કેહેવાયરે; વહાલો મુકી
ગયો વન માંયરે, જીવનપ્રાણછો, આ-
ત્મારામછો. ૫

ચૈતર ચંપો ફાલીયો, પીપળ આવ્યાં પાન
નાચ્યો નાગર નાવલો, મને તેનું લાગ્યું છે:
તાન; મને તેનું લાગ્યું છે તાનરે, મને હરી

મળવ્યાની હામરે; કોઈ દેખાડો શ્રીરામરે;
જીવનપ્રાણછો, આત્મારામછો. ૬
વઈશાખે વાહ્યા વાવલા, મુખનું ઊડયું નુર;
તાપ તપે તનડું તપે, હરી મેલી ગયાછે દુર;
એવો આવ્યોછે માથે ઊનહાલોરે, એવો
કટપી કાનડ કાલોરે; મને મુંકી ગયો મોરલી
વાલોરે, જીવનપ્રાણછો, આત્મારામછો. ૭
જેઠ જાણ્યું આવશે, વેગે વીઠલરાય;
ચંદન ઘોળું વાડકે, વીંઝણે ઢોળું વાય;
હરીને વીંઝણે ઢોળું વાયરે, મારી ઘડી
પલક જુગ જાયરે; મારા કાળજામાં કાંઈ
કાંઈ થાયરે, જીવણપ્રાણછો, આત્મારામછો ૮
અશાડ ચમકે વીજલી, ઘન ગરજે ઘમઘોર;
આંસુડે ભીંજાય મારી ચુંદડી, મીઠડા બોલે
મોર; એવા મીઠડા બોલે મોરરે, કરે બપઈયા
કલ્લોળરે; મારૂ જાગે જોબનનું જોરરે, જીવ
ન પ્રાણછો, આત્મારામછો. ૯
શ્રાવણ વરસે શરવડે, નાહાવું નીરમળ નીર;
પેહેરયાં પીતાંબર પોતીયાં, ઓઢણ
આછાં ચીર; હરી ઓઢણ આછાં ચીરરે,
આપણે નાહાતાં જમનાં તીરરે; એવાં હળ

તાં શીત શરીરરે, જીવનપ્રાણછો, આત્મારામછો. ૧૦
ભાદરવો ભલે આવીઆ, પણ નાવ્યા બળવીર; ચીર હતાં તે હરી ગયા, મારૂં શાણ હાડું શરીર; મારી પોહોચે નજર ન હી નાંખીરે, વહાલે ભડવાડની ગતી રાખીરે: શામળીઆ ન જોયું આંખીરે, જીવણ પ્રાણ છો, આત્મારામછો. ૧૧
આસો માસ ભલે આવીયો, સહીની પુરી આશ; તોરણ બાંધ્યાં ટોડલે, એમ ગાય હરીજન દાસ; ઘેર ઘેર મંગળ ગાયરે, ત્યાં થેઈ થેઈ થેઈકાર થાયરે; શ્રોતા વકતાનાં સંકટ જાયરે, જીવણ પ્રાણછો; આત્મારામછો.

નંદલાલના મહીના.

આવોને નંદલાલ, રમવા આવોનેરે;
નીરખે થયા છો નાથ, રમવા આવોનેરે. ટેક.
કારતકરે મેં તો કષ્ટેરે કાઢયો, ભરદરીઆ જેમ જહાજ; રમવા૦ ૧
માગશર મહીને મારગડેરે મેલી, હવે અમારૂં કોણ છેબેલી; ગીરધર વીના થઈ ઘેલી, ર. ૨

પોષ માસે જીવણ પ્રાણ તજું છું, લોકડીયાં
ની લાજ લોપું છું; સંસાર તાજ કરૂં છું, ર૦
મહા મહીને મંદીરીયાંરે સુનાં, હરી વીના
આસનીયાંરે સુનાં, વ્હાલા વીના જાયછે જો
બનીયાં, રમવા૦ ૪
ફાગણ ફગફગતીરે હોળી, અબીલ ગુલાલે ભ
રાવું રે ઝોળી; વ્હાલાવીનાખેલે કોણહોળીર.
ચઈતરે મને ચીંતારે લાગી, સુતીસેજલડીમાં
ઝબકીને જાગી; વ્હાલાની લહે લાગી, ર૦ ૬
વઈશાખે વાવલીયારે વ્હાયા, આંખ ઊઘાડી
ચોદશ જોયા; આંસુ પાલવડે લોહ્યાં, ર૦
જેઠ માસે જગજીવન આવે, વઈરણુવ સારવે વ
ધામણી લાવે; વ્હાલો મારો કાંઈ ન કહાવે, ર૦
અષાડ હું અબળારે નારી, જોબન દરીએ
પુર છે ભારી; પીયુનાં વચનને વીસારી, ર૦
શ્રાવણતો શરવડીએરે વરસે, નદીએ નીર ધ
સરાંરે ઢળશે; વ્હાલો મારોશીરીતઊતરશે, ર૦
ભાદરવો ભરદરીએરે ગાજે, નીલાં વન નવ
પલ્લવ છાજે; વ્હાલો મારો કાંઈ ન લાજે, ર૦
આશો માસે દેવ દીવાળી, લોકવણ સહુ સેવ
સુંવાળી; વ્હાલા વીના તે જમે કોણવાળી, ર૦

-કૃષ્ણજીવનના મહીના.

આવો આવો શિવશંકર ભોળા. એ રાગ.

કારતકે ક્રષ્ણ ગયા મેલી, આંખડીએ
આંસુની હેલી; ગોપી ફરે ગોકુલમાં ઘેલી,
ઓધવજી નારે ઘટે તમને.
સાંઈયરો થાઓરે વહેલી, કે વાંકો અંબોડો
મેલી; ગોરી એના જોબનમાં ઘેલી,
ઓધવજી નારે ઘટે તમને. ટેક.
માગશરે મંદીરમાં રમતાં, ભેળાં બેશી ભો
જનીયાં જમતાં; હવે અમે કેમ નથી ગમતાં,
ઓધવજી નારે ઘટે તમને. ૧
પોશે કહેજો પ્રીત કરી પહેલી, ગોરધનનાથ મ
થુરાં ગયા મેલી; વધાઈ મોકલજો વહેલી,
ઓધવજીનારે ઘટે તમને. ૨
કુબજા તે સોકય થઈ સાલે, વહાલો મારો મ
થુરામાં મહાલે; તરછોડયાં નંદ તણે લાલે,
ઓધવજી નારે ઘટે તમને. ૩
ફાગણ રંગ રમતાં હોળી, સુંદર પહેરી
અરશુંને ચોળી; કુમ કુમ કેસરમાં ઘોળી,
ઓધવજી નારે ઘટે તમને. ૪
ચૈતરે ચીતવન કરી મુકયાં, શરીર અમ

આટવાઈ રૂકયાં, નારીએ નીસાસા મું કયા,
ઓધવજી નારે ઘટે તમને. ૫
વઈશાખે વાટ જુએ ગોપી, લજા નીજ મા
આપની લોપી; કાનુડાને કુબજાને સોંપી,
ઓધવજી નારે ઘટે તમને. ૬
આવી તટ દાણ લેતા દહાડી, મથુરામાં રંગ
રમતા નારી; ભુલ્યા કેમ ગીરીવર ગીરધારી,
ઓધવજી નારે ઘટે તમને. ૭
જેઠે જાદવને હશીએ, તારી મારી કીધી રંગ
રશીયે; હવે હરી ગોકુલમાં વશીયે,
ઓધવજી નારે ઘટે તેમને. ૮
અશાડે મેવલીયો આવે, તેથી મારૂં
દીલ દેખી દાઝે; એકલડાં મુંકયાં મહારાજે,
ઓધવજી નારે ઘટે તમને; ૯
શ્રાવણમાં શું કરીએ સાજની, ગોઠે નહી
દીવશ કે રજની; વ્યાકુળ ફરે વનીતાઓ
વરજની, ઓધવજી નારે ઘટે તમને. ૧૦
ભાદરવે ભરનાબન નારી, ઘેરે નહી આવ્યા
ગીરધારી; વ્હાલાજીએ મેલ્યાં વીસારી;
ઓધવજી નારે ઘટે તમને. ૧૧
આસોએ ઓધવજી આવ્યા, સાંદેશો શ્યામ

નણો ભાવ્યા; રાધીકાજીને મન ભાવ્યા, ઓધવજી નારે ઘટે તમને. ૧૨

સીતાજીના મહીના.

સાખીયો.

મારા શ્યામ સુંદર શ્રીરામરે, કેને આશરે રહીએ: મારા પદપદ માની પ્રણામરે, લલના સંગ લઈએ; ઘર બહાર અલગ ઘનશ્યામરે, મારા રામ નવ જઈએ. ટેક.

કારતક કેમ કરી કાઢીએ, જુગ જેવી પલ જાય; તાગ નથી ને તોડીએ, પણ મળવાને મન અકળાયરે; મારા. ૧

જોબન દરીયા ઘુઘવે, પીયુ દેશાવર દુર; અણજાણ્યા અણ અનુભવી, તે શું નીરનું જાણે જુરરે: મારા. ૨

માગશર ઘેર વીજોગણી, પીયુ પરદેશ પ્રમાણ; ખવાય અળગું ખોળીયું, જેના પરવશ પડીયા પ્રાણરે; મારા. ૩

જળથી જુદી માછલી, રાખો કરી વીવેક; વારૂ મારા વહાલમા, એના પ્રાણ ન રહે પલ એકરે; મારા. ૪

પોશે પ્રીતમ પ્રીતડી, વીરહ બાણ વા વહાય;
એ ઘાયલનો અંત નહી, એનું તન તરફ
ડીયાં ખાયરે; મારા. ૫
ખાવું પીવું ખેલવું, ઓઢણ પહેરણ અંગ;
બોલવું ચાલવું બેસવું, એને પોઢવું ન ગ
મે પલંગરે; મારા. ૬
માથે મન તલખે ઘણું, જુરે વીજોગણ નાર;
લક્ષ વીંછીની વેદના, ઊપજે ચીતમાં અને
ક વીચારરે; મારા. ૭
કોહેયું કથળયું રોગી તન, છે પોતાનું અંગ;
ચાલે કેમ જીવ કાપતાં, સ્નેહીનો શે તજ્યો
જાય સંગરે; મારા. ૮
ફાગણ હોળી ફાલતી, ફાગ રમે સહુ કોય;
એક હોળી મારે આગણે, બીજી હઇએ
હોળી મારે હોયરે; મારા. ૯
ભીતરમાં ભડકા બળે, જળ દેખે નહી ઝાળ;
વળખાં મારે વીધવીધે, જેને ડશીઆ વીર
હ વ્યાધી વ્યાળરે, મારા. ૧૦
ચઈતર ચકોર ચીંતની, શશી વીદેશી રપામ;
ભર જોબનમાં એકલી, એતો દાઝયા ઊપર
નેમ ડામરે; મારા. ૧૧

સુભાગીયાં ને સારસાં, સંજોડ સ્નેહ સહીત;
કયમ કરી વસાએ એકલાં, રાણી જાયા જે
નમની એ રીતરે; મારા. ૧૨

આ વાયા વઈ શાખના, આંબે આવી શાખ;
ભોગી ભમે વીદેશમાં, થાય હૃદય બળી
બળી રાખરે; મારા. ૧૩

મુંગાને સ્વપનુ થયું, મનમાં રહી મુંઝાય;
પ્રીતીનું તો પારખું, જયા જીભે કહયું નહી
જાયરે; મારા. ૧૪

જેઠ તણા તડકા પડે, લાય જેવી લુ વહાય
સુનાં મંદીર માળીયાં, સુની સેજડી ખાવા
ધાયરે; મારા. ૧૫

જાય ન રજની દીન જાતાં, રાત ગયે દીન ન
જાય; વીરહ દુઃખ મહા વેદના, એ તે નજ
રે નોઈ કેમ જાયરે; મારા. ૧૬

અશાડ ઝબકે દામની, ઘન ગરજે નભમાંય;
બપઈયા પીયુ પીયુ કરે, સુણી વીરહણી
વ્યાકુળ થાયરે; મારા. ૧૭

દેવ દાનવ પક્ષી પશુ, માનવ ત્યાં કોણ માત્ર;
જીવતાં જેત વીજોગીયું, ગાળ વીરહ વીરહી
જન ગાત્રરે; મારા. ૧૮

શ્રાવણ વરસે શરવડે, નદીએ આવે નીર;ની
લી ભુમી ભાસે ભલી, ગાજે તરૂવર ઘોર ગં
ભીરરે; મારા. ૧૯
ઘોર અંધારી રાતડી, ઝરમર વરસે મેહ;
આંખેથી આવ્યું જળ, જેનો સ્વામી ગયો
તજી સનેહરે; મારા. ૨૦
ભાદરવો ગાજે ભલો, રાજવી રાણી વઈભોગ;
રંગમાં રણીરવ રોગ એ, જેને વ્હાલાંનો થાય
વીજોગરે; મારા. ૨૧
ચંપાચંબીલી મોગરા,નવપલ્લવ વન વહાય;
વીરહણી જાત જવાશીયો, તે તો શોશે સુ-
કાઈ જાયરે; મારા. ૨૨
આશો આવ્યાં નોરતાં, રમે જમે નરનાર;
દીવશ દીવાળી દોહલા, તે તો જાણે જગત
કરતારરે. મારા. ૨૩
દંપતી અંગ ઊમંગમાં,ગાન તાન ગીત રંગ;
અંગ રાગ અદભુત યથા, જંયજંયકાર જ
ગાવે અનંગરે. મારા. ૨૪
મનમોહન અધીમાસથી, થાય પ્રભુ પર
સંન; સંગ સીતા જેમ રાખીયાં, તેમ ટાલે
વીરહ વ્યાધી દંનરે; મારા. ૨૫

કુરસનજીના મહીના

રાગ ઉપર પરમાણે

કારતકે કરસન ગયામેલી મારેઘેર આવો
વનમાળી; કુબજા કયમરે ગમી કાળી. આવો
હરી શરારમે વહાલા ટેક
માગસર મારગડે રમતાં. ભેળાંબેસી ભોજ
નીયાં જમતાં, હવે હરી કેમ નથી ગમતાં.
આવો હરી૦ ૨
પોસે ત સોસ પડયા અમને. તીકમજી શું
કહીએ તમને; દીલાસા સારે દીધા અમને
આવો હરી૦ ૩
માધે મારે અંધારી રાત્યો, ફુલડીયે બાં
ધાવી ખાટયો; વહાલે લીધી મથુરાંની
વાટયો, આવો હરી૦ ૪
ફાગણે ઘેરઘેરે હોળી, પહેરણ ચરણાંને ચો
ળી; ચુંદડી મારી કેસરમાં રોળી,
આવો હરી૦ ૪
ચઈતરે ચીત કરે ચાળા, મધુવન મોરલી
આ વાળા; દરસનદો નંદતણાલાલા
આવો હરી૦ ૫
વઈસાખે વાટલડી જોતી, ઊભીરહી ઝુરુ

કડ રોતી;પાલવડે આંસુડાં લોતી,આવોહરી.
જોઠેતોજગજીવનઆવે,વધામણીસહુલોકોલાવે
વાલો મારો કશું એ ન કહાવે,આવો હરી.૮
અશાડે અબળા રહી ઝાંખી, વહાલે મારે
ભરનોખન રાખી;વીચારો તેવાત થશેવાંકી,
આવો હરી° ૯
શ્રાવણ તો શરવડીએવરસે, નદીએનીરઘણું
હળશે; વહાલો મારો શી રીત ઊતરશે,
આવો હરી૦ ૧૦
ભાદરવો ભલી પેરે આજે, વહાલા થઈ વીહ
વળતમ કાજે;વહાલો મારો જરીએના ભાજે,
આવો હરી૦ ૧૧
આશો માસે આવી દીવાળી, શેવા વણું કે
સુંવાળી; વાહલા વીના આ શી દીવાળી,
આવો હરી૦ ૧૨

નંદકિશોરના મહિના.

કારતક માસે કહાનજી, સાહેલીરે;
શે અપરાધે શામ, ગયા મને મેલીરે. ૧
અવગુણ અમારા શા હશે, સાહેલીરે;
જે હરીએ ઊતારયું હેત, ગયા મને મેલીરે.૨

મને એકલાં અન ભાવે નહીં, સાહેલીરે;
એ મોટું દુખ મહારાજ, ગયા મને મેલીરે. ૩
કોણ આગળ કરૂં ગોઠડી, સાહેલીરે;
વહાલે તજ્યું ગોકુળ ગામ, ગયા મનેમેલીરે. ૪
કઠણ થયાછે કાનજી, સાહેલીરે;
તે સાલે હઈડા માંય, ગયા મને મેલીરે. ૫
તે દુ:ખે દાઝું ઘણું, સાહેલીરે;
હરી ઘણું દેખાડી હેત, ગયા મને મેલીરે. ૬
કારતક કઠણ કહાડીયો, સાહેલીરે;
ના આવ્યા નંદકીશોર, ગયા મને મેલીરે. ૭
માગશર મથુરામાં ગયા, સખી આવું રે;
મને એક પલક જુગ જાય, સંદેશો કહાવુંરે. ૮
ઘરનાં કામ ગમે નહીં, સખી આવું રે;
મારૂં ચીત પ્રભુની પાસ, સંદેશો કહાવું રે. ૯
વૃંદાવનમાં કોણ જશે, સખી આવું રે;
મોરલી વાશે કોણ, સંદેશો કહાવું રે. ૧૦
...ટના ચોકમાં, સખી આવું રે;
...ારે ક્રીડા કરશે કોણ, સંદેશો કહાવું રે. ૧૧
દાણી થઈ કોણ ઘેરશે, સખી આવું રે;
કોને માગ્યા દઈશું દાણ, સંદેશો કહાવું રે. ૧૨
હસીને કોણ બોલાવશે, સખી આવું રે;

મને કરશે કોણ કટાક્ષ, સંદેશો કહાવું રે. ૧૩
માગસર મોટો મરમ તજી, રાખી આવું રે;
પ્રભુ નાગર નંદકીશોર, સંદેશો કહાવું રે. ૧૪
પોશે પ્રભુ મુકી ગયા, શો દાવો રે;
તમે નંદજશોદાના હરી, અહીં આવો રે. ૧૫
જમનામાં ગીંદુ પડ્યો, શો દાવો રે;
પ્રભુ કાળીનાગની કાજ, હરી અહીં આ૦ ૧૬
ઈંદરે ઘન વરસાવીયો, શો દાવો રે;
ગોવરધન દવારકાં કાજ, હરી અહીં આ. ૧૭
છો જાદવ અમે આહીરડાં, શો દાવો રે;
તે લોક લાજને કાજ, હરી અહીં આ૦ ૧૮
જમનાજીમાં ઝીલતાં, શો દાવો રે;
ચીર હરવાને કાજ, હરી અહીં આવો રે. ૧૯
વહાલાં તે વેરી થયાં, શો દાવો રે;
હરી એમ ન કીજે નાથ, હરી અહી આ. ૨૦
પોશે પ્રેમદા વલવલે, શો દાવો રે;
તમે જીવણ નંદકીશોર, હરી આહીં આ. ૨
માઘે મળવા નાથને, મન હીંસે રે;
હું નાણિશું ચોદશ વાટ, કહીં નવ દીસે રે. ૨૨
શીયાળે સુખ સાંભરે, મન હીંસે રે;
કેમ જાય મોટી રાત, કહીં નવ દીસે રે. ૨૩

મોરલી સુણવા માહરૂં, મન હીસરે;
મે શોધ્યા સાથી ગોવાળ, કહીં નવ દીસરે. ૨૪
ને હેરાણુ કરતાં નાથજી, મન હીસરે;
અમે સોધ્યું વ્રંદાવન, કહીં નવ દીસરે. ૨૫
સ્વપનંતર સરખું થયું, મન હીસરે;
અમે તે દુખ કેમ સાહેવાય, કહીં નવ દીસરે. ૨૬
આવડું અમે જાણ્યું નહીં, મન હીસરે;
છેક આપવી છેહ, કહીં નવ દીસરે. ૨૭
નાથે મન વીહવળ થયાં, મન હીસરે;
તમો જીવણ નંદકીશોર, કહીં નવ દીસરે. ૨૮
ફાગણ કહું ફરી ફરી, દુખ કાપોરે;
છો ગોપીજનના પ્રાણ, દરશન આપોરે. ૨૯
વસંત આવ્યો વીઠલા, દુખ કાપોરે;
ગુલાલે ભરયાં ગોવીંદ, દરશન આપોરે. ૩૦
[illegible]ળી હરખે ખેલીએ, દુખ કાપોરે;
મા[illegible] સારખી રાત, દરશન આપોરે. ૩૧
[illegible]ાથે મુગટ કર મોરલી, દુખ કાપોરે;
પ્રભુ જમનાજીને તીર, દરશન આપોરે. ૩૨
ગોપીઓ સઉ વલવલે, દુખ કાપોરે;
એમ કહાણુ ન થઈ એક થ, દરશન આપોરે. ૩૩
હરી હવે ઘણી થઈ, દુખ કાપોરે;

ઓચીંતા એકાંત, દરશન આપોરે. ૩૪
શાગણ કરકે આંખડી, દુખ કાપોરે;
છો જીવણ નંદકીશોર, દરશન આપોરે. ૩૫
ચઈતરે ચીંતા કરે, સખી બાળારે;
સ્વામી વીનાગે દેહ, પ્રગટી જવાળારે. ૩૬
વદન કમળ સુકાઈ ગયાં, સખી બાળારે;
નવ સુજે એકે પેર, પ્રગટી જવાળારે. ૩૭
શણગાર સેજે પરહરી, સખી બાળારે;
સુકાયાં સખીનાં ગાત્ર, પ્રગટી જવાળારે. ૩૮
ઘેલી થી ફરે ગામમાં, સખી બાળારે;
નહી ત્રારણ વીના કાંઈ વાત, પ્રગટી જવાળારે.
ગુણ ગાતી ગોવીંદના, સખી બાળારે;
વહે નેત્રે આંસુ ધાર, પ્રગટી જવાળારે. ૪૦
શોક સમુદરમાં પડી, સખી બાળારે;
તેનું રહ્યું નહીં ઠોર, પ્રગટી જવાળારે. ૪૧
ચઈતરે ચીત ઠરે નહીં, સખી બાળારે;
છો નાગર નંદકીશોર, પ્રગટી જવાળારે. ૪૨
વઈશાખે સખી વલવલે, કયાં જઈએરે;
મારે હુઈએ દુઃખ અપાર, કોને કહીએરે. ૪૩
ત્રીકમજી તેતજી ગયા, કયાં જઈએરે;
વળી હસે દુરીજન લોક, કોને કહીએરે. ૪૪

પ્રાણ અમારા પ્રભુ કને, ક્યાં જઈએરે;
વળી સાસુ નણંદનું સાલ, કોને કહીએરે. ૪૫
શું શું રાઘવું દેખીએ, ક્યાં જઈએરે;
ગયા જીવનપ્રાણાધાર, કોને કહીએરે. ૪૬
કઠણ થયાછે કહાનજી, ક્યાં જઈએરે;
હરજીએ નવ જાણ્યે પ્રાણ, કોને કહીએરે. ૪૭
પ્રેમ પંથમાં સહુ પડી, ક્યાં જઈએરે;
છે વાંકી સઘળી વાત, કોને કહીએરે. ૪૮
વઈશાખે રાખ્યાં વેગળાં, ક્યાં જઈએરે;
છો નાગર નંદકીશોર, કોને કહીએરે. ૪૯
જેઠ કહાવે જોખતાં, એમ હરીનેરે;
શું અટક્યા કુબજા સાથ, ન આવ્યા હરીનેરે ૫૦
પ્રીત કરી લપટાઈ ગયા, એમ હરીનેરે;
મળી મથુરાં કેરી નાર, ન આવ્યા હરીનેરે ૫૧
વાંક કાઢીને વળગતાં, સખી હરીનેરે;
ભુલી [illegible] ભગવાન, ન આવ્યા હરીનેરે. ૫૨
[illegible] અબળાનું શું ગજુ, કહે હરીનેરે;
સે તમને ન ઘટે નાથ, ન આવ્યા હરીનેરે. ૫૩
વાંક કશોછે વીઠલા, કહે હરીનેરે;
કઈ છેક ગયાછો છેહ, ન આવ્યા હરીનેરે. ૫૪
મારૂં નાખનીયુ મળ ગયું, કહે હરીનેરે;

હું ક્યાં લગી રાખું ધીર, ન આવ્યા ફરીનેરે.
નેઠ હેઠ જોઈ ગયા, કહું હરીનેરે;
છો નાગર નંદકીશોર, ન આવ્યા ફરીનેરે. ૫૬
અષાડે ઘન આવીયો, એ બેનીરે,
થયો વીજળીનો ચમકાર, મનકું રહેનીરે. ૫૭
બપઈયો પીઊ પીઊ કરે, એ બેનીરે;
મદમાતા બોલે મોર, મનકું રહેનીરે. ૫૮
સુને પીયુડા સાંભરે, એ બેનીરે;
વળી મંડયો વરસે મેહ, મનકું રહેનીરે. ૫૯
લોક લાજ મેં પરહરી, એ બેનીરે;
હું જાઊં પ્રભુની પાસ, મનકું રહેનીરે. ૬૦
ધીરજ મેં રાખી ઘણી, એ બેનીરે;
હજુએ નવ આવ્યા નાથ, મનકું રહેનીરે. ૬૧
કોઈ સંદેશો કહે મને, એ બેનીરે;
હરી આવશે આજ કે કાલ, મનકું રહેનીરે ૬૨
અષાડ ના આવીયા, એ બેનીરે;
છો જીવણ નંદકીશોર, મનકું રહેનીરે. ૬૩
શ્રાવણ વરસે શરવડે, તે સાલેરે;
આવ્યા ચોમાસાના દીન, કહો કેમ ચાલેરે. ૬૪
હરી કુબજા સાથે ખેલ કરે, તે સાલેરે;
ઠાલે મુકી બીજની નાર, કહો કેમ ચાલેરે. ૬૫

એ દેશે ના કહાવીયો, તે સાલેરે;
તમે લોક થયા મહારાજ, કહો કેમ ચાલેરે. ૬૬
વહુરીડાં કરે વાતડી, તે સાલેરે;
મારૂં પુરણ બાંધ્યું મન, કહો કેમ ચાલેરે. ૬૭
બીઠલે રાખ્યા વેગળાં, તે સાલેરે;
શું નથી જાણતા નાથ, કહો કેમ ચાલેરે. ૬૮
હરી ચતુર થઈ ચુકી ગયા, તે સાલેરે;
ગયું જાણપણામાં આજ, કહો કેમ ચાલેરે ૬૯
શ્રાવણ સુનો હરી વીના, તે સાલેરે;
છો નાગર નંદકીશોર, કહો કેમ ચાલેરે. ૭૦
ભાદરવો કહે ભાવશું, બ્રીજનારીરે;
તમે જીતયા જગજીવન, હરી હું હારીરે. ૭૧
રમતાં રાડ કીધી હશે, બ્રીજનારીરે;
તમે ક્ષમા કરો અપરાધ, હરી હું હારીરે. ૭૨
મનમાંથી વ્યાકુળ થઈ, બ્રીજનારીરે;
હવે દયા કરો મહારાજ, હરી હું હારીરે. ૭૩
તમે કહેશો તે કરશું અમો, બ્રીજનારીરે;
ગુણુ રખે રાખતા રીશ, હરી હું હારીરે. ૭૪
ત્રીકમજી તમે તજી ગયા, બ્રીજનારીરે;
કેમ વરસે વરસાદ, હરી હું હારીરે. ૭૫
અમો આહીર અહંકાર તજયો, બ્રીજનારીરે;

તમો છો દીન દયાળ, હરી હું હારીરે.૭૬
ભાદરવે ભુધર નવ મળ્યા, આજ નારીરે;
છો નાગર નંદકીશોર, હરી હું હારીરે.૭૭
આશોમાં રાખી આવશે, વનમાળીરે;
મારે થાશે હરીશું ભેટ, આજ દીવાળીરે ૭૮
પ્રેમ જોઈ ગોપી તણા, વનમાળીરે;
હરી આવ્યા કહેવાય, આજ દીવાળીરે.૭૯
ગોપી સહુ હરખે ઘણું, વનમાળીરે;
ઘેર ઘેર મંગળ ગાય, આજ દીવાળીરે.૮૦
ફરી ફરી મુખ નીરખતાં, વનમાળીરે;
સહુ હરખે ઘેલી થાય, આજ દીવાળીરે. ૮૧
ગોપી પ્રેમે કરતી આરતી, વનમાળીરે;
વળી પેચે હરાતી જાય, આજ દીવાળીરે.૮૨
મનોરથ સહુ પુરણ કરયા, વનમાળીરે;
થયા તે બારેમાસ, આજ દીવાળીરે. ૮૩
આશોમાં હરી ફરી મળ્યા, વનમાળીરે;
છો નાગર નંદકીશોર, આજ દીવાળીરે.૮૪

શ્રી અંબાજીના મહીના.

કારતક માસે કરૂણા કરો મુજ માતરે, મા
અંબાજી, અલબેલી અંબા સાંભળ મારી

વાતરે; મા અંબાજી. ૧
વાત સાંભળીને રામંરૂ શ્રીહરી નાથરે, મા
અંબાજી; તારા દરશનની મને મોટી અંબા
આશરે; મા અંબાજી. ૨
માગશર માસે મન મળવા અકળાયરે, મા
અંબાજી; તારી ઈચ્છા કરતાં અંબા દીન
વહી જાયરે; મા અંબાજી. ૩
દીન વહીજાયને આશા મુજને મોટીરે, મા
અંબાજી; તારા રંગ મંડપમાં હું નવ આવી
લોટીરે; મા અંબાજી. ૪
પોષ માસે મુજને મળવા રોશરે, મા અં-
બાજી; મુજ રાંક ઊપર શો ધરવો માજી
રોશરે; મા અંબાજી. ૫
રોશ ન ધરીએ તમે છો દેવી દયાળરે, મા
અંબાજી; જેનું નામ ધરવે સેવક જન
પ્રતીપાળરે; મા અંબાજી. ૬
મહા મહીને કાંઈ વરત સાંભળ્યાં તમારાંરે,
મા અંબાજી; મા શું જુવોછો કુડાં કરમ
અમારાંરે; મા અંબાજી. ૭
કુડાં કરમની કરણી છે મહાપાનરે, મા અં
બાજી; તારાં દરશનનું મને મોટું અંબા

ધ્યાનરે; મા અંબાજી. ૮

ફાગણ માસે ફરી ફરી ઊલટે અંગરે, મા અંબાજી; રંગ ભરયાં મનડાં નવ કરશો ભંગરે; મા અંબાજી. ૯

ભંગ ન કરશો તનડું અમારૂં તલખેરે, મા અંબાજી; ચીત અમારૂ ચરણે આવી અટકેરે; મા અંબાજી. ૧૦

ચઈતર મહીને ચીંતા મુજને ઝાઝીરે, મા અંબાજી; જનમ ધરી નવ નીરખ્યાં અંબા માજીરે; મા અંબાજી. ૧૧

નવ નીરખ્યા મેં અંબા અકળ સ્વરૂપરે, મા અંબાજી; મા વળતાં કયાંથી દેખીશ માનાં રૂપરે; મા અંબાજી. ૧૨

વઈશાખ મહીને વરસ જાય દેહ નાઠીરે મા અંબાજી; મા હવે વળતી વેળા રહીછે માઠીરે; મા અંબાજી. ૧૩

વેળા માઠી માથે મોટું દુઃખરે, મા અંબાજી; વળતાં કયાંથી દેખીશ માનાં મુખરે; મા અંબાજી. ૧૪

જેઠ માસે મુજને તેડાં ઠેઠરે, મા અંબાજી; નહીં તેડા તો જીવન જાશે વેઠરે; મા અં. ૧૫

વેઠ જાશેને મીથ્યા થાશે જન્મરે, મા અંબાજી;
ભાગ્ય નથી પણ ઓછાં મારાં કરમરે;
મા અંબાજી. ૧૬
અશાડ માસે અટક ન ધરીએ માંનરે, મા
અંબાજી; તારાં દરશન માટે તલસે મારૂં
તંનરે; મા અંબાજી. ૧૭
મન તલસે ને દયા ન આવે મારીરે, મા
અંબાજી; મા દયાળુ દીલથી શું મુકોછો
કાહીરે; મા અંબાજી. ૧૮
શ્રાવણ માસે સંઘ ભરાય બહુ ભારેરે, મા
અંબાજી; મા ઈચ્છા હોય તે આવે તારે
પારેરે; મા અંબાજી. ૧૯
મા સંઘ ભરાય ને સઊને ઈચ્છા થાયરે, મા
અંબાજી, મા પાપી હોયતે નીશચે પાવન
થાયરે; મા અંબાજી. ૨૦
ભાદરવામાં શીદને મંન ભમાવોરે, મા
અંબાજી; તારાં દુરલભ દરશન આપી તાપ
સમાવોરે; મા અંબાજી. ૨૧
તાપ સમાવી શીતળ કરજો છાંયરે, મા
અંબાજી; શીશ નમાવતાં પ્રાંયશ્ચીત પ્રલે
થાયરે; મા અંબાજી. ૨૨

આશો માસે અરજ સાંભળો વહેલીરે, મા
અ બાજી; મા આરાસુરમાં કરો આનંદની
હેલીરે; મા અ બાજી. ૨૩
હેલી કરીને પુરો મનની આશરે, મા અં
બાજી; મા સેવક જનને તેડા તમારી પાસ
રે; મા અંબાજી. ૨૪
બારે માસ પુરણ કીધા માતરે, મા અંબાજી;
મા વીશમપરી વીરવાસ નકરશો ઘાતરે; મા
અંબાજી. ૨૫
તેરમો મહીનો પુરૂશોતમ કેહેવાયરે, મા અંબા
જી; મા હરી પ્રતાપે પુરસોતમ સાઊ ગાયરે;
મા અંબાજી. ૨૬
આરાસુરમાં નીત્યે આનંદ થાયરે, મા અં
બાજી; કરજોડીને બાપુ શેવક ગાયરે; મા
અંબાજી. ૨૭

દ્વારકાના મહિના

કારતક મહીને એશું કીધુ કામરે શામળીઆ
અબળાને તરછોડી ચાલ્યા ગામ મારા શા૦ ૧
કેની સાથે હુતો જઈને રહુરે શામળીઆ,
જોબનીઆની પીડા કેને કહું મારા. શા૦ ૨

વાલા તે તો ઘણી કરી છે વાતરે, શા૦
અંતરમાંહે જુઓ તપાસી વાત મારા.શા૦૩
આ નોધારીનાં નાવલીઓ પરદેશરે, શા૦
વેહેની લાહુચો લાગી બાળી વેશ મારાશા૦૪
જુવાનીનું પુરવહીને જાયરે શામળીઆ.
દહાડેને દીવસેતે ઓછુ થાય મારા શામ. ૫
અજાણ તો પ્રીત એમ શું જોડીરે શામળી.
જાતાની વેળાએ છેકર્જ તોડી મારા શામ૦૬
વાયદે તો આવી દરશન દેજોરે શા૦
દ્વારકાંના સ્વામી અમને મળજો મારાશા.૭
માગશર મહીને કુઈ પેરે હું રહુ રે શામ૦
સુખડાંને દુઃખડાં તો કોને કહુ મારાશામ૦૮
પીઊ વીના તો ઘેલી હું તો થાઊં રે શામ૦
આ મેલ્યુંને સંતાડયું ભુલી જાઊં મારા. ૯
ધણીજી મુજને આવી ધારણ દેજોરે, શા૦
કાંઈ મીઠલડી વાતોતો મુજને કહેજો
મારા શામળીઆ. ૧૦
રનમાળી તું તો લીલાનો સાથીરે, શા૦
કીડીના તે ઝાલ્યો કેમ રહે હાથી મારાશા૦૧૧
અમે તમારા દાસલડાં તો થઈએરે શા૦
મોઢાને ઠેકાણે કાંઈ નવ જઈએ મારાશા૦૧૨

દયા હુઈ આમાં કાંઈક તમે તો લાવોરે શા૦
પ્રીતલડી જાણીને ઘેર આવો મારા શા૦૧૩
બે મહીનામાં વરષ ગયા છે લાખરે, શા૦
દવારકાના સ્વામી દરશન દાખ મારા શા૦૧૪
પોષ માસે ના આવો તો મરીએરે, શા૦
વીખડાંને ખઈને તો ઘાતો કરીએ મારા શા૦૧૫
મુળ નં તો કાપ્યાં છે આજરે, શા૦
લંપટને તો કશી ન આવી લાજ મારા શા૦૧૬
ભવસાગરમાં બુડી હું તો જાણી રે, શા૦
કોનાને પાલવડા તાણી સાણી મારા શા૦૧૭
તમ વીના તો કયાંથી લીજે લાભરે, શા૦
તલે તો ધરતી ને ઊપરછે આભ મારા શા૦૧૮
ચુક અમારી નજરે શીછે ચઢીરે શા૦
કઠણ હુઈ યાના થઈને ગઆ વઢી મારા શા૦૧૯
જીવડો અમારો વ્યાકુળ તં તો કીધોરે, શા૦
પડતાને ઊપર તો પાય દીધો મારા શા૦૨૦
કુડું તં તો મુજશું કીધું કામરે, શા૦
મહા મહીનો તો એલેવેલે જાયરે શામળીયા,
શીયાળાની ટાઢા મુજને વાય મારા શા૦૨૨
સુતાંને બેઠાં તો સુંનું લાગેરે શામળીયા,
સુખડાને સ લારી બાણ વાગે મારા શા૦૨૩

હીમ હવે તો પડવા માંડયુ ફેરરે શા૦
સેજલડી સુની છે ભાવો મેર મારા શા૦૨૪
હીમાળો તો હાડચોને અતી હીંડયોરે શા૦
દોહલા દીનની ભાગો મારી ભીડયો મારા શા૦
કઠણ વેળાના આવી સંકટ હરનારે શા૦
વીનતાને તો વાલ કરીનેવરજો મારા શા૦૨૫
ટળ વળતાને પાણી તમે પાવોરે શા૦
શીયાળો ગાળવાને ઘેર આવો મારા શા૦૨૬
વીરવાશીને વઈને ત્યાં રહયારે શા૦
દવારકાંના સ્વામી સુધાં થયા મારા શા૦ ૨૮
ફાગણ મહીને પ્રેમ વાડી રહીછે પ્રારીરે શા૦
ઘેરઈયા રમેછે કેસર ઘોળી મારા શા૦ ૨૯
વંદરાવનની વેલો સરવે ફુલીરે શા૦
લીલીને રહીછે કાંઈ ડાલો ઝુલી મારા શા૦૩૦
દવના લાગ્યાં વન થયાંછે લીલાંરે શા૦
ફુલડીયાં ફુલ્યાંછે રાતાં પીળાં મારા શા૦૩૧
આંબલીએ તો મોર છે રૂડી રીતરે શા૦
બાવળીયા તો ફુલ્યા પુરણ પ્રીત મારા શા૦૩૨
આ રતમાંનો ચોચનતાના આવોરે શા૦
કાગળીયો લખો કે કાંઈક કાવો મારા શા૦૩૩
ડાહયાને તો કહેવું ન પડે કાંયરે શા૦

બીડયાને બળીએ છીએ હૃદીયામાંય મા૦ ૩૪
વીરહ તણાતો ભીતર ભડકા લાગેરે શા૦
દ્વારકાંના સ્વામી સુતા જાગે મારા શા૦૩૫
ચઈતર મહીને ચંત્યામાંતો ફરૂ રે શા૦
કારણ મારાં કારો ત્યારે ઠરૂં મારા શા૦ ૩૬
આ દુખડાંતો સુખે મેતો સહયાંરે શા૦
કઠણ હઈયાના એવા કેમ થયા મારા શા૦૩૭
ઊનાળાનો તડકો આકરો લાગેરે શા૦
ધરતીને ધીકછે કામ જાગે મારા શા૦ ૨૮
મોહનતણા તો ભડકા મુજને લાગેરે શા૦
ઘરમાંહે જઈને ઊંડા આધે મારાશા૩૯
વાલા તારી કુપલો કરમાયરે શામળીયા,
સેંચ્યાં વીનાતો સુકાઈ સુકાઈ જાય મારાશા૦
ધુતારાને વાર ન લાગી જાતાંરે શામળીયા,
જમેરાને દયા ન આવી વાતાં મારા શા૦૪૧
છ મહીના તો ચઈતર મહીને થયારે શા૦
દ્વારકાના સ્વામી કયાં ગયા મારાશા૦ ૪૨
વઈશાખે તો વાર તમને લાગેરે શા૦
અબળા નારી તરત પ્રાણ તે ત્યાગે મારા શા૦
ગોકુળ આવો ગીરધારી તમો ચાલીરે શા૦
વાતલડીઓ તો આપણ કરીએ વાલી મા

રા શામળીયા. ૪૪
સંસારી તો મુર્જને મેહેણાં મારે રે શા૦
કાણુડો સાઠો કહી પોકારે મારા શા૦ ૪૫
કે મુર્જને મેલીને તો ગયારે શામળીયા,
કુબજાના બેલીડા જઈને થયા મારા શા૦૪૬
ચીતવ્યુ તે તો મારા મનમાં રહ્યુરે શા૦
અણચીતવ્યું તે આગળ થયું મારા શા૦૪૭
શું કરીએ બાઈ કરમતણા છે ભોગરે શા૦
આ વેળામાં કંથ તણો વીજોગ મારાશા૦૪૮
ઊભી ઊભી અરજ કરૂં છું તારીરે, શા૦
દવારકાંના સ્વામી જોજો ધારી મારાશા૦૪૯
જેઠ મહીને તો વાવલીઆ ઘણા વાયરે,શા૦
તારૂણીને તાલાવેલી થાય મારા શા૦ ૫૦
પંખીડાં તો પાવસ જઈને બેઠાંરે, શા૦
માળાતો ઘાલીને પ્રીતે પેઠાં મારા શા૦ ૫૧
પરદેશીતો પરદેશથી આવ્યારે, શા૦
સમાચાર કોઈ તમારા નવ લાવ્યામારાશા૫૨
મથુરાના વાસી તમે થયારે શામળીયા,
ગોકળીયાને જાણો ત્યાં શું રહ્યા મારા શા૦
ઓછું પાત્ર કંશતણીછે દાશીરે શામળીયા,
ધુતારીએ રાખ્યાં રંગ વીલાસી મારાશા.૫૪

ચતુર હોયતે સારૂં નરસું જાણેરે, શા૦
વીચીતો મનમાં વાતો આણે મારા શા૦૫૫
દયા કરીને દુઃખ અમારાં કાપોરે, શા૦
દ્વારકાંના સ્વામી સુખડું આપો મારાશા૦૫૬
માસ અશાડ ચોમાસું ભરપુરરે, શા૦
વરસાળો આવ્યો તે જોજો હીરમારા શા.૫૭
મધુરા મધુરા મેવલીઓ તો વરસેરે, શા૦
ઝડીઓએ લાગીતો જીવ તળસે મારા શા.૫૮
નાની મોટી નદીઓનાં જે નીરરે, શા૦
વહીને ચાલે છે દરીઆ તીર મારાશા૦ ૫૯
જયાં જાઊ ત્યાં જળ તણો નહી પારરે, શા૦
ધરતીએતો સજ્યોછે શણગાર મારા શા૦૬૦
મોર દાદુર બોલે છે મોટા વનમાંરે, શા૦
બપઈયા તરસ્યોછે એવા દનમાં મારાશા૦૬૧
એવી ટેક હોય તો એને મળજોરે, શા૦
પ્રેમીજનના સ્નેહી વહાલા વળજો મારાશા૦૬૨
પંડ પડે પણ બીજાને નવ ભજીએરે, શા૦
દ્વારકાંના સ્વામી સુખડાં સજીયે મારાશા.૬૩
શ્રાવણ મહીને સરવડીયાં તો પડેરે શા૦
મેવલીઆ ગાજેછે વાદળ ચડે મારા શા૦૬૪
આડી અવળી વાદળીઓ તો ધાયરે શા૦

કાળા પીળા ડુંગરીઆ દેખાય મારા શા૦૬૫
વીજળીયોના ઝબુકા બહુ થાયરે શામળીયા૦
જુવતીએ તેજરા ન જોયું જાય મારા શા.૬૬
ધરતી ઊપર જળ તણો નહીં પારરે શા૦
પગ માંડવાને નથી એકે ઠાર મારા શા૦૬૭
વળગેલાને વાટમાં નવ મેલોરે શા૦
ચરણ કમળથીપળ અળગાં નવઠેલોમારાશા૦
દન રજનીતો આજમાં જાયરે શા૦
તમ વીના મેં તો નવ રેહેવાય મારા શા૦૬૯
અવગુણનો તો એકે નથી પારરે શા૦
દ્વારકાંના સ્વામી કરજો વહારે મારાશા૦૭૦
ભલું થયું ભાદરવો ભલે આવ્યોરે શા૦
સુંદરીના મનમાં તોસારો ભાવ્યો મારા શા૦૭૧
સઈયર બેઠી ભજન હું તો કરતીરે શા.
કાનુડાનું ચીતવન ચીતમાંધરતીમારાશા.૭૨
એવામાંતો સ્વપનું મુજને થયું રે, શા૦
ઝળહળ રૂપ આવીને ઊભું રહ્યું મારાશા૭૩
ભાવ કરીને હેતે મુજને ભેટયારે, શા૦
રંગ વધારયો શોક સરવે મટયો મારાશા.૭૪
સેહેજ તણું તો સારૂં લીધું સુખરે, શા૦
ઘણા તો દીવસની ભાગી ભુખ મારાશા૦૭૫

જનમ જનમની ભાવટ મારી ભાંગીરે,શા.
એવામાંતો ઝબક કરતી જાગી મારાશા૦૭૬
પાતળીયે તો પુરણ કીધી મેરરે, શા૦
દ્વારકાંના સ્વામી આવો ઘેર મારાશા૦૭૭
આશો માસે દીવાળીછે મારેરે, શા૦
દીવાને કીધાછે સઘલે દુવારે મારાશા૦ ૭૮
ક્રપા કરીછે માવાજીએ આજરે, શા૦
સારયું ને સુધારયુ મારૂં કાજ મારાશા૦૭૯
પુરવ જનમની વાચા તે તો પાળીરે, શા૦
ક્રપા કરીને વેળા મારીવાળી મારાશા૦૮૦
ફુલીને ફરૂં છુ આનંદ અંગેરે, શા૦
મોતીડે વધાવુ સઈયર સંગે મારાશા૦ ૮૧
સવંત અઢારે ત્રેવીશ કારતક સારરે, શા૦
એકાદશીયે પુરા મહીના બાર મારાશા૦૮૨
ગુરૂતણી કીરપાએ મેં તો ગાયારે, શા૦
સંતો સુણો અધીક મારી માયા મારા શા.૮૩
સેવક તારો સ્વામી પાસે રહેછેરે શા.
કરજોડીને દાસ દવારકો કહેછે મારા શા.૮૪
શીખે સુણેને નીત્ય કરે અભ્યાસ શા.
વ્રીજમંડળમાં સદાય તેનો વાસમારાશા.૮૫
પુરશોતમ માસે અહળક હળીયારે શા.

સુખડાના સીધુ તો વેલા વળીયા મારા શા૦૮૬
માનનીયો તો મળીને મંગળ ગાયરે શા૦
આનંદને ઓછવ ઘણેરો થાય મારા શા.૮૭
તરીયા તોરણ મંદીરીએ તો ઝળકેરે શા.
મોતીડાની સેરો માંહી ભળકે મારા શા.૮૮
ચારે ખુણે કસતુરીની કયારીરે શા.
ચંદનની તો ઓકળીઓ દીસે સારી મારા શા.
ચોકમાં તો રોપાવ્યાછે રોપરે શા.
વારી તારા લટકા ઊપર આપ મારા. ૮૦
અરગ કપુરની આરતી સદા થાયરે શા૦
હુલસતાં મારી ફુવટ ખુધી જાય મારા. ૯૧
ચોક ઊપર બેઠા દીનાનાથરે શા૦
દવારકાંના સ્વામી આવ્યા મારે હાથ મા૯૨

તુળશિના મહિના.

ધનધન પાટણ ધન ધન ગામ, ધન તુળશી
તારૂં ઊતમ નામ; સાંભળો ગુણવંતા. ૧
અષાડે તુળશી રોપ રોવાવે,
દેવ દામોદરને નીદરા ન આવે; સાં૦ ૨
શ્રાવણે તુળશી દાદારે પાને,
હરખ્યાશ્રી નારણ તુળશીને નામે; સાં૦ ૩

ભાદરવે તુળશી લેરેરે જાય,
કંઠે સોવરાવે શ્રી જાદવરાય; સાં૦ ૪
આશોએ તુળશી આશા વધુંદયા,
દેવ દામોદરે ખોળામાં લીધાં; સાં૦ ૫
કારતકે તુળશી બાળ કુંવારી,
લગન નીરધારીને પરણ્યા મોરારી; સાં૦ ૬
માગશરે માહાત્મ્ય કરીઆ,
શીયાલે તુળશીનાં આણાંરે કરીઆં; સાં૦ ૭
પોષ માસે ચારે પોકાર,
તુળશી વના શુનો સંસાર; સાં૦ ૮
માહા મહીને શુધ બુધ ન ભુલે,
તુળશી વના ત્રીભોવન ડુલે; સાં૦ ૯
ફાગણે ફાગ ખેલેરે ગોવંદા,
પગરે ચાવટે હરી લેલાવટ ચદા સાં૦ ૧૦
ચઈતરે ચંત બોલે હેંડોળા,
હીંચકે હીંચે શ્રી ક્રીશનજી ગોરા; સાં૦ ૧૧
વઈશાખે ખીલી ફુલવાડી,
બાળોને ખોલે મેં રમત માંડી; સાં૦ ૧૨
જેઠ માસે તુળશી કરમાયાં,
સોળસે ગોપીઓ પાણીડાં ચાલ્યાં; સાં૦ ૧૩
તુળશીને કયારે ઘીના દીવલડા,

હરીહરી કરતાં જાય એના જીવડા; સાં૦૧૪
હું તમને પુછુ મારી તુળશીરે માતા,
કુણ તારી માતાને કોણ તારો પીતા; સાંભલો.૧૫
ધરતી મારી માતાને આભ મારો પીતા,
દેવકીમારી સાસુને શ્રીરંગ ભરથાર. સાં૦ ૧૬

થોભણદાસના મહીના.

કારતકે કોડામણોરે, શીલો પુનમકેરો ચંદ
વાલા રાધાજી કહે હરીની વીનતીરે,
શરણે રાખો ગોવંદવાલા. ૧
માગશરે મેલી ગયારે, પેલે ગયા પરદેશ
વાલા; ભર જોબનમાં ભામનીરે, અબળા
બાલે વેશ વાલા. ૨
પોષ માસે પુછામણીરે, શાંભળ સઈ અર
વાત વાલા: શ્રી રંગ ચાલ્યા દવારકાંરે,
સોળસે ગોપીનો નાથ વાલા. ૩
માહા મહીને મન માહરૂંરે, ચીતડું વ્યાકુ
થાય વાલા; શમણાં લાગ્યા શ્રી શામનાંરે,
દીઠા જાદવરાય વાલા. ૪
ફાગણ માસે ફરૂકીઆંરે, વાગેછે તાલ-
મરદંગ વાલા; મધુરી શીવાય વાલો વાં-

શળીરે, હોળી ખેલે ગોવદ વાલા. ૫
ચઈતરે ચીંતામણીરે, ના આવ્યો નંદકુ
માર વાલા; કોઈ લાવે પીઊની વધામણીરે,
આપુ એકાવળ હાર વાલ. ૬
વઈશાખે વનવેડીઆંરે, વેડીછે દાડમ દરાખ
વાલા; કોયલડી ટઊકા કરેરે, શરવા લાગે
એના શાદ વાલા. ૭
જેઠ મહીનાનાં રણ તપેરે, જેવા ઊનાળાના
તાપ વાલા; લંકામાં જવાળા પરજલેરે,
ઊભા રહો રઘુનાથ વાલા. ૮
અષાડ માસ ભલે ઊલટયોરે, થાય વીજ-
ળીઓના વેગ વાલા; ભલીરે ઊલટી મેની
વાદળીરે, વરસ્યા બારે મેઘ વાલા. ૯
શ્રાવણ વરસે સરવડેરે, નદીએ નીરમળ
નીર વાલા; ભીજે તે રાણી રાધીકારે,
ભીંજાય દખણીનાં ચીર વાલા. ૧૦
ભાદરવો ભલે ગાજીઓરે, શીતળ ચઢયાં
વીશેષ વાલા; ગોરીદ ભીંજાય ઘર આંગણે
રે, પીઊડા ભીંજાય પરદેશ વાલા. ૧૧
આશો માસે દીવાલડીરે, સજે સુંદરી
શણગાર વાલા; લેલાટ ટીલડી સોહયામ-

ગ્રીરે, કંઠે એકાવળ હાર વાલા. ૧૨
આરે માસ પુરા થયારે, આવેલો અદ્દક માસ
વાળા; ગાય શીવને સાંભળેરે, વીનવે થોભ-
ણદાસ વાલા. ૧૩

મહિના.

કારતક મહીને મેલી ગયા, હરજી હઈયામાંરા
ખો દયા; ગોકુળ કેમ કરી રેહેવાય, વાલમ
વહેલા પધારજોરે. ટેક.
માગશર મહીનેરે મહાલતાં, હરીને આં
ગણીએ બોલાવતાં; કરતાં વહાલપણાની
વાત, વહાલમ વહેલા. ૨
પોશે પ્રભુ ગયા પરદેશમાં, મેલી અબળા બા
ળી વેશમાં; સુતાં સેજે નવ સહેવાય, વા૦ ૩
માધે મોહનજી મન સાંભરે, ગોપીની આંખડી
એ આંસુ ઢલે; સુનો વહાલા વના સંસાર,
વાલમ૦ ૪
ફાગણ મહીને વન ફુલી રહયાં, રમતાં ર
શીઆની ભુલી ગયાં; રશીયા શેણે ચઢાવો
રીશ; વાલમ૦ ૫
ચઈતર મન ચંચળકે માહરૂં, હુતો દયા

ન ધરૂં પ્રભુ તાહરૂ; ઘડી એક જુગ બરા
બર જાય, વાલમ૦ ૬
વઈશાખે વાટડીયો જોઈ વળી, પોતે ચાલે
પાવડીએ ચઢી; સુના જળજમનાંના ઘાટ, વા. ૭
જેઠે જુવન જોવા નીસરી, સજવા સણગારો
વીસારી; ગીરધર ઘડીએ નવ રહેવાય, વા૦ ૮
અશાડે છે આશા ઘણીજનારને, મોહન મનમાં
વાત વીચારને; પ્રીતમ આવે રહેશે પ્રાણ, વા. ૯
શ્રાવણ શેરડીયો શોધીવળી, દીઠીમેં ન તમારી
મંડળી; મેં નવ દીઠા નંદકુમાર, વા૦ ૧૦
ભાદરવ ભાદરવે ભાવી રહયાં, વહાલા વચન
તમને શાં કહયાં; વીનતા જુએ તમારી વાટ, વા.
આસો મેં જાણ્યું હરી આવશે, તીયારે દીવા
ળી દીલ ભાવશે; દીપક થાશે ઘેર ઘેર વા૦ ૧૨

દલપતના મહિના.

રાગ ઓધવજીના સંદેશાનો.

કારતક મહીને અબલા કહેછે કંથને, હવે
શીયાલો આવ્યો સ્વામીનાથજો; હીમાલુવા
વહાયરે હલકી ટાઢડી, શું શોધો પરદેશ
જવાના સાથજો; એ મહીને નવ જઈએ

પીયુ પરદેશમાં. ૧

માગશર મહીને હોંશ ઘણી મનમાંહરે, રશીયાસંગ રમ્યાની મઝમ રાતનો; ઘુંઘટડો કાઢીને ઘર આગળ ફરૂં, પીયુ મેલો પરદેશ જવાની વાતનો; એ મહીને૦ ૨

પોશે જે અબળાને પીયુડે પરહરી, તે નારીનાં પુરણ મળીયાં પાપજો; સાસરીએ રહીને તે શું સુખ ભોગવે, મહીયરમાં નવ ગોઠે માને બાપજો; એ મહીને. ૩

મહા મહીને નવ કરીએ નાથ મુશાફરી, ઘણી સાટે જઈ લાવો ખોરી ખારજો; વહુ ચ્યી ને જમશું રે મારા વહાલમા, જરૂર નહીં જાવાદઉં ઘરથી બહારજો; એ મહીને ૪

ફાગ રમે ફાગણમાં નરને નારીયો, ઘેરઘેર નઉતમ કઉતક નવલાં થાયજો; જે નારીના નાવલીયો નાશીગયો, કહો તેણ કયમ નજરે જોયું જાયજો; એ મહીને. ૫

ચઈતરમાં ચતુરને પંથ ન ચાલવું, જો ઘેર નારી સારી ચતુરસુજાણજો; વહાલપને વચનેરે પીયુને વશ કરે, નીરધારયાં તે પડયાં રહે પરીયાણજો; એ મહીને. ૬

વાવલીયા વહાયારે પીયુ વઈશાખના, રજ
ઊડેને માણકમેલું થાયજો; નથનીનુ મોતીરે
હીરા હારનો, કહો પરહાથે કયમ તે
પીરચા જાયજો; એ મહીને. ૭
જેઠેતો પરદેશે જાવું દોહલું, ઘામ ધખેને લુહા
નોવીલુ વહાયજો; કોમળછે કાયારે મારા
કંથજી, વણ સીચ્યાં જયમ ફુલડીયાં
કરમાયજો; એ મહીને. ૮
અંબર ધન છાયોરે મારા અશાઢનો, મોર
બોલે મે વરસે મુશળ ધારનો; કચરાને કાદ
વરે મચીયા મેહનો, પંખી માળા ઘાલે હારો
હારનો; એ મહીને. ૯
શ્રાવણમાં શીવ પુજીને સુખ માગીયે, વહાલાં
ના નવ હોજો કદી વીજોગજો; ઊમીયાના
સ્વામીજી આપો એટલું, સાસુના જાયાનો
નીત સંજોગજો; એ મહીને. ૧૦
ભાદરવો ભરજોબનનો ફરીનહીં મલે, વહી
જાશે જેમ નદીયો કેરાં નીરજો; એવારે
દીવસ નવ એળે કાઢીયે, વાત વીચારી
જુઓ નણદના વીરજો; એ મહીને. ૧૧
આશોના દીવસતો અતી રળીયામણા, ખાવું,

પીયુ, ફરવા નવલા ખેલજો; ભેળાં બેશી
જમીએ રમીએ સોગઠે, છાતીમાં બીડીને
રાખુ છેલજો; એ મહીને. ૧૨
મારાઅધીકમાં અધીકપણ શું કીજીયે, રહો!
નાડીને નેણ સંગાથે નેણજો; જેમ ન છુટે
છુટો કાય બીલોરનો, દલપતના પ્રીતમ છો
જાણ પ્રવેણજો; એ મહીને. ૧૩

ભુમાનંદના મહીના

સખી કારત કેમ કરી જાય, મોહન મેલીગયા;
ખાલી મંદીર ખાવા ધાય, દીવસા દુખના
રહયા.
સખી સુનીદેખીને સેજ, અંતરમાં અતી બળે;
મેલી પીયુ ગયા પરદેશ, શોક શેણે ટળે.
સખી પળ જુગ જેવાં જાય, જીવત કેમ નીસરે;
દીધાં સુખ દેખાડીને હેત, વીસાર્યું ન વીસરે.
સખી દીલમાં લાગ્યો દાહ, પડી હું પરજળું;
હવે ભુમાનંદના નાથ, આવે ક્યારે મળું. ૧
સખી માગશરે માહા દુખ થાય, પીયુ ગયા પરહરી
નથી સંસારમાં સુખ લેશ, વાલા વીજોગે કરી.
સખી વારી વીનાનાં મીન, શેણે થાય સુખીયાં;

તેમ તલફીને પડશે તંન, દારૂણ અમે દુખીયાં.
કરૂં પીયુ પીયુ પોકાર, ઊભી જોઊ વાટડી;
મારૂં થઈ ગયું વજર શરીર, ન રહે છાતડી.
સખી નેણમાંસાવરસેનીર, આગ જલે અંતરે;
ગયા ભુમાનંદનો નાથ, નાખી પરતંતરે. ૨
સખી પાસે પીયુના વીજોગ, લાવશો લીજીયે;
હવે દીલના દુખની વાત, કોની આગે કીજીયે.
સખી સુના અઊદ લોક, ચડે મારી નજરે;
હવે સજીયે શા સણગાર, ન આવે મજરે.
મને ઊતારી ઊંડે કુપ વરત વાઢી ગયા;
મેલી અબળા એકા એક, એને ન આવી દયા.
ગયા પુરી પીંજર માંય, ઝુરી ઝુરીને મરૂં;
આવે ભુમાનદનો નાથ, તો દરશન કરૂં. ૩
આવ્યો મહા દુખનો દરીઆવ, પાર કેમ પામી
યે; મને મેલી તેને મધ્ય, તણાતાં સ્વામીએ.
તોય પાપી પ્રાણ ન જાય, દોષ કેને દઈએ;
તે તો વેરી વીધાતાનો વાંક, એમ સમજી રહીયે
સખી ઊછેરી અમરૂત પાઈ, બીડીને ભુજમાં;
તેણે કરયો અમારો ત્યાગ, તે તો વાંક મુજમાં.
સખી પીયુ રીઝાવ્યાની રીત, વાલે બહુ વાવ
ડી; ભુમાનંદ કહે એનો શો વાંક, મને નવ

આવડી. ૪
સખી ફુલ્યો ફાગણ માસ, વસંત વહી જાયછે
હવે કે સંગ ખેલું ફાગ, ઊચાટ એ થાયછે.
વાલો બાંધી વસંતી પાગ, સુંદર છોગાં મેલતા
ગલે પેહેરી ગુલાબના હાર, રંગે શું રેલતાં.
ભરજોબન મારૂ જાય, વરૂયા વાલા વના;
હવે શો કરીયે ઊપાય, થાય બખાશીસ ગના.
સખી હોળી હઈયામાંય, વાલા વીનાગે બલે;
દેખુ ભુમાનંદનો નાથ, શોક ત્યારે ટલે. ૫
સખી ચઈતરે ચીતમાં ક્ષોભ, અતીશાયથાયછે;
મારે પીયુ વીના પળ એક, જુગજાવી જાયછે.
સખી મોહનમળવાની એક, અંતરમાંધાંખડી;
જોઈજોઈ જીવનની વાટ, ખોઈમેં તો આંખડી.
સખી અબળા એકાએક, મરીશુ રડવડી;
કુમજાઊ પીયુની પાસ, દીશા એકે નવજડી.
સખી વીરહવતીને તાપ, અંતરનોત્યારે ટલે;
જયારે ભુમાનંદનો નાથ, ભીડી ભુજમાં મલે. ૬
સખીવઈશાખેવળયાવન, વાલોહજીનવવળયાં;
નાવે નીંદરાનભાવેઅન્ન, કયારે થાશે ભેળયાં.
અતી અંતર વીરહનો તાપ, ઊપર લુ વાયછે;
શોણ શીતળ થાય શરીર, ઊચાટએ થાયછે.

મને મેલી મહાવનમાંય, હેડી હાલી ગઈ;
મારા દીલના દુઃખનીવાત, કેને જાઅ કહી.
સખીએકનરહ્યોઆધાર, કયાંજઈનેથોભીયે
હવે મુમાનંદના નાથ, વીના શું શોભીયે. ૭
સખી જોઠે જગજીવન, મને મેલી ગયા;
મેં તો કરયો અતી કલપાંત, તોએનાવીસર્યા.
સખી અબળાનુ શું જોર, ચાલે ન રાખીયે;
થઈ નાથ વીનાનાં નીરાશ, નીશાસાનાખીયે.
સખી પીયુ રંગરમવાનીહામ, હઈયામાંરહી
આઈ રશીકશીરોમણીશ્યામ, કંગાલહુ થઈ.
કાઢી સુખ સાગરથી બાર, નાંખી દુખદરીયે;
હવે મુમાનંદના નાથ, વીના શું શોભીયે. ૮
આવ્યો અષાડ ચમકે વીજ, ગાજે મેઘલાગરે;
બોલે બપઈયા દાદુરમોર, કોયલ ટહીકા કરે.
કાપે કાળજ એના બોલ, અંતરમાં ઊડાંગરી;
ચલીધાર અંધારી રાત, વીત શેણે કરી.
નવ જોબન એલેજાએ, પીયુને કયારે મલુ;
અતીઅંતર વીરહનો તાપ, તેણે હુતો બલુ.
દેખીધન સજી સણગાર, ધરા નીલી થઈ;
નાવ્યા મુમાનંદનો નાથ, તેણે હું સુકી રહી. ૯
સખી શરાવણે વરસાદતો, વરસે શરવડે;

તેણુ નાવ્યાંનદીયે પુર, સરોવર ભરયાંજળવડે.
પાકયાંતરણુવેલીયો અન્ન, સારા આવીસહુને;
પીયુવીના પતીવરતાનાર, દેખે દુઃખ બહુને:
સુનેમંદીર અબળાં હું એક, જાયકેમ જામની;
બોલેતંમરાં અંધારી રાત, કંતવીનાંકામની
અમને આધુર અમરતપાઈ, રાખ્યાંછે સુખાયાં
હવે ભુમાનંદના નાથ, વીનાના દુખીયા. ૧૦
સખી ભાદરવે ભરપુર, નદીઓ જાયછે;
તે તો સાગરનો સંગમ, થવાને ચાયછે.
મને પીયુંમળવાની પ્યાસ, અંતરમાં તાણી:
પણ કેમ કરી થાય મેળાપ, ન સરજી પંખણી
શરદ રૂતુમાં આવીજોશાસ, રંગભરયાં રમીયે
પાકયાં સરવે નવાંનવાં અંન, જમાડીને જમીયે
સખી સોભેનહી શણગાર, અંગે તે શું ધરૂં:
હું તો ભુમાનંદના નાથ, વીનાઅડવી ફરૂં. ૧૧
જાય ઊતમ આસો માસ, દીવશ દીવાળીને;
ઊભી જોઊંજીવણની વાટ, મારગસામું ભાળીને
લખું કાગળકોયલઈજાઓ, આપોમારાનાથને
હું તેકેમકરીરાખું પ્રાણ, કોડ જોડી હાથને.
ગયા વીતી બારે માસ, સંદેશા ન મેલીઓ;
મારા દીલમાં દુખનો આજ, રીણાવર રેલીઅ

મારીવીન તીવાંચીનેવાલા,ઊતાવળાઆવજો
શું માન દકહેનહીતામનેનાથ,તુરતતેડાવજો૧૨

બ્રમ્હાનંદના મહિના.

રાગ ધોળ.

જેઠે જીવણ ચાલીયા, નીરમોહી મારા નાથ;
દરશનવીના દુખીયોઘણો,સરવેવરજનોસાથ;
અંતરતાપ વીજોગનો, શું ભારથી વહાય;
મલ્યાવીનાહવે માવજી,જુગતુલ્ય રજનીજાય;
ફળીયામાં ઘોડી ફેરતા,ધરતાજોગલાં શીશ;
તે દીન ક્યારે દેખાડશો, લાલરીયા જગદીશ;
પ્રાણજીવન હવે પુરીયે, હઈયા કેરી હામ;
બ્રમ્હાનંદના નાથજી, આવો સુંદરશામ. ૧
આશાડે અલબેલડા, પવનનું પુરૂં જોર;
કુકોઆવી આકાશમાં,ઘન ઘટા ચારે કોર.
કુલજુત્યાં ફળ પાકીઆં,પાલવીયાં વનપાન;
એ રતે પ્રીતમ આવીએ,કરૂણા સાગરકાન;
પ્રેમ સુધારસ પાઈને, કીધાં મોટેરાં માવ;
મેલીને મથરાં ગયા, ન ઘટે મારા નાવ;
અંતરમાં રહેતો નથી,એકઘડીએ આરામ;
બ્રમ્હાનંદના નાથજી, આવો સુંદરશામ. ૨

શ્રાવણ વરસે શરવડે, નદીયે નીર ન માય;
આવો હવે અલબેલડા, મળવા મન લલચાય;
વરસે ઝુલી વેલડી, અંબુ અપરંમપાર;
કોઈક શીવ પુજાકરે, મોરે ગાય મલાર;
હરીયાળી ડુંગર ઉપરે, કરે કઈ વરત નેમ;
આ રતમાં અમે તમવીના, કહોને રહીએ કેમ;
સરવે સુખ શંસારનાં, તમ વીનાછે હરામ;
જમણા નંદના નાથજી, આવો સુંદરશામ. ૩
ભાદરવામાં ભુધરા, નદીયે આવીયાં નીર,
એ રતે રહેવું નવ ઘટે, છેટે શામ શરીર;
પ્રથવીએ અંબર પેરીઆં, નીલાં અતીનવરંગ;
એરતે સરવે શીતળ થયાં, આ બળા દાઝેછે અંગ;
મધુરા બોલે મોરલા, ઘન છાયો આકાશ;
એરતે વહાલમ આવીયે, પુરો અંતર આશ;
લટકાળા લાગી રહી, જ ખના આઠો જામ;
જમાનંદના નાથજી, આવો સુંદરશાંમ. ૪
સરદરૂતુ સોહામણી, આવીઓ આસોમાસ;
એ રતે વહાલમ આવીયે, રમવા સુંદરશામ;
નીરમળ અંબર થઈ રહયાં, થયાંનીરમળનીર;
નીરમળ નાથ પધારીએ, છોગાળા બળવીર;
દશરાએ દળ ચાલીયાં, બાંધ્યા નદીએ ઘાટ;

એ રૂતુમાં અલબેલડા, વળી વળી જોઊં વાટ;
છેલછબીલા શામળા, ઠરવાનું છે ઠામ;
બ્રમાનંદના નાથજી, આવો સુંદરશામ. ૫
કારતકમાસે કાનજી, વાટ જુએ વરજનાર;
અંતરઊતાપો ઘણો, લોચનીએ જળધાર;
અલબેલાવર આવીએ, ડોલરીયા સુખદેણ;
વાટજોઈ જોઈ વહાલમા, ઝાંખાંથઈ ગયાંનેણ;
એકાદશી પ્રબોધની, ઊત્સવનો ઠરાવ;
એરતે આહીયાં આવીએ, મીઠડા બોલા માવ;
તમ સારૂં તલસે ઘણું, સરવે ગોકુળ ગામ;
બ્રમાનંદના નાથજી, આવો સુંદરશામ. ૬
માગશર મહીનો આવીયો, બેઠી રત હેમંત;
પ્રીતમહજી ન પધારીયા, કોમળમારા કંથ.
સારસડાં ગુણ સભાગીયાં, જયાંત્યાંજોડી જાય;
અમને મેલી એકલાં, ગયા ત્રીભુવન રાય;
સરસ રીતે નીરમાં, ફુલ્યાં કમળનાં વરંદ;
અમને કદી ફુલાવશો, છોગાળા વરજ ચંદ;
અરજ સુણો આળસ્યતજો, કરો પુરણ કામ
બ્રમાનંદના નાથજી, આવો સુંદરશામ. ૭
પોશમહીને પ્રેમદા, હેરે વાટ હમેશ;
કઠણથયા કેમ કાનજી, જઈ વસ્યા પરદેશ;

જળથળશીતળથઈરહયાં,શીતળસોજસમાજ
અંતરશીતળનવ થયાં,વણદીઠે વરજરાજ;
પંગતીમાંશરીપીરસતા, કરતાઅતીમનુવાર;
તે દીન અમને સાંભરે, વહાલમ વારમવાર;
રશીયાજી તમે રીઝીને, દેતા વસ્ત્ર ઈનામ;
બ્રમાનંદના નાથજી, આવો સુંદરશામ. ૮
મામહીનામાં માવજી, બોલે સંત વસંત;
આ રતમાં અલબેલડા, કેમ નાવીયા કંથ;
પ્રીતમ આવી પંચમી, લોક ખેલેછે ફાગ;
વહાલમતમરીનાવાધીયો,વરજત્રીયાનેવેરાગ;
ઓરડીઆ નીચે ઓસરી,ખુબકરતા ખેલ;
એદીન અતીશય સાંભરે, રૂપાળા રંગ રેલ;
અરજસુણીહરીઆવીયે,વાટજુએવરજરાય
બ્રમાનંદના નાથજી, આવો સુંદરશામ. ૯
ફાગણ ફાગ રમાડવા, આવો પ્રાણ આધાર;
સ્વામ સનેહી શામળા, વાટજુએ વરજનાર;
નરનારી હોરી રમે, લોકની તજી લાજ;
આવે ટાણેહરીઆવીએ, રંગભીનેવરજરાજ;
આકડીએ ચડી ચાલતા, છત્રીની કરી છાંય;
લટક તમારી લાલજી, ચોરી ચીતડા માંય;
અંતરજામી આવીએ, દાહલીવળાના શામ;

પ્રમાનંદના નાથજી, આવો સુંદરશામ; ૧૦
ચઈતરમાસે શામળા, આવ્યા નહીઅવીનાશ
વનસ્પતી સહીપાંગરી, પ્રફુલ્યાંછે પલાસ;
ચંપા જાય, ચંબેલીયો, ફુલી લતા અપાર;
એરતેકમન આવીયા,ભોગીભરમર ભરતાર;
ઓરડીયા તણી ઓસરી,ખુબ કરતા ખ્યાલ;
તે દીનકયારે દેખાડશો,નટવર નંદલાલ;
કેદીનકરશો કાનજી, આવી અહીયાં મુકામ;
પ્રમાનંદના નાથજી, આવો સુંદર શામ.૧૧
વઈશાખે વરજ વીનતા,પંથજુએ કરી પ્રીત;
સુઆવીહરીનાઆવીયા,ચીંતાવાધીછેચીત;
કોયલડીકરે ટહુકડા, આંબે આવીછે સાખ;
મારગસામુ માવજી,જોઈ જોઈ પાકી આંખ;
વહાય ઊન્હો વાયરો,થળજળ ઊંડાં જાય;
તમવીનાતનઅબળાતણાં,ઊન્હાંત્રીભુવનરાય
મળવાકારણ માનની, ધરે અંતરે હામ;
પ્રમાનંદનાનાથજી,આવો સુંદર શામ. ૧૨
બારેમાસપુરા થયા, આવ્યો માસ અધીક;
પ્રીતમપણ ન પધારીયા, ઠરયા મથુરાંમાં ઠીક;
અધીકમહીનેઅતીઘણી,આશાહતીમનમાંય
તમવીના સુનીસેજડી, મળવામન અકળાય;

મ્હેલી લગાડી પ્રીતડી, રહેવું ન ઘટે દુર;
તમવીના મારાનાથજી,હઈડે દુઃખ ભરપુર;
બ્રમાનંદની વીનતી, ઊર ધરો અવીનાસ;
મહેર કરીને માવજી, તેડી લેજોરે પાસ. ૧૩

રતનાના મહીના*

(સાખી.)

કારતક રસની કુપળી નયણાંમાં ઝળકાય;
અંગ સમાણે રાધકા, મનરથ રહયો સોભાય.
કારતક કંથ મેલી ગયા, સાંભળ સઈયર વાત;
ગોકુળનીરે ગોવાલણી, ઘસાવા લાગીરે હાથ;
વાયદા ઊપરવધતા ગયા, દીવસ ગણતાંરે માસ
અમોરે વીરવાસે વળગી રહયા, મોહન મળ

વાની આશ;

સગાંરે સહોદરછે ઘણાં,નાથવીનાનીશી નાર;
બળરે કરી કેમ બોલીએ, મસ્તક નહીરે મોચાર
અમોરેમળતાંસુંમળીગયાં બાકીરાખ્યું નકાય
કેહેવા સરખું રહયું નહીં, જાણે જાદવરાય;
પુરવની પ્રીતસંભારીએ, જાણી પોતાનીદાસ;
રતનાનાસ્વામીરેસામળા,પુરોઅબળાનીઆશ
ઓધવજીરે સંદેશડો,કહેજો મથુરાંમોઝાર;
બે દહાડાના ગયા નાથજી જુરેબ્રીજની નાર.૧

(સાખી)

માગશર મન મેગળ થયો, ઊપર નહીં અસવાર;
મધુપુરમાં વાસો વશાયો, અંકુશનો દેનાર.
માગશર મહીનો આવીયો, નાવ્યા નંદકુમાર;
સંભારતાં શાંસા પડે, આંખે આંસુની ધાર;
આશાઊમેદ અવતરયાં, અબળાનો અવતાર;
કહોને અમે કેમ કીજીએ, મેલીગયા રે મોરાર;
પ્રથમ તો મધુકર મોકલ્યો, વાલે કાવ્યો છે જોગ;
આપણ અબળાને એ ઘટે, જોનો કરમના ભોગ
ઘરમાં તે હળવી હું પડી, બહાર નવરે બોલાય
કુવાતે ફેરી છાંયડી, કુવામાં રે સમાય;
મળતાં મોહોટમન વરાખીએ, આવો શ્રીભગવાન
રત્નાના! શામીરે શાંમળા, દોને દરસનદાન;
ઓધવજી. ૨ (સાખી.)
પોશે તો પરવશ પડી, વરહે વાધ્યો અતી અંગ;
ઓશડ ગુણ લાગ્યો નહી, ડશીઓ રયામ ભુજંગ
પોસે તો પેહેલા પુરમાં, જોબન બાળ વેશ;
પુરણ પાપ તેનાં મળ્યાં જેનો પીયુ ગયો પરદેશ;
આછી પટોળીરે ઓઢવા, શીયાળાની રે ટાઢ;
પાંચ પહોરની રાતડી, વાલે કીધી છે રાઢ;
સાંજ સંજોગે સઊ મળ્યાં, જુવે વાહાલાની વાટ;

વીસારયા કેમ વીસરે ઊભા જમુનાને ઘાટ;
ઘણું રે ગાંઠું કરી રાખીએ, હઈયું નવરે હાથ;
પ્રીત કરી કેમ પરહરયાં, નાવ્યા નગણારે નાથ;
બળતી બોલું છું હું હવે, રખે રાખતા રીશ;
રત્નાના શામીરે સામળા, પાયનામું છું શીશ;
ઓધવજી. ૩ (સાખી.)
માહામહીનેમન માહરૂં, આકુળ વ્યાકુળથાય;
રૂએવીનાગણ રાધકા, એકન સુજે ઊપાય;
હજી હરી શે નવ આવીયા, આવ્યો મકરમાશ
ભાગ્યવીના કેમ પામીએ, વાલાજીનો વીલાસ;
કુબજા સરખી કામની, આવી હરીને હાથ;
આપે કાળાને એ કુબડી, ભલી ભજીછેરે ભાત;
સરખા સરખી શાહેલડી, જમુનાનાહાવાજાય;
પુજીને માગેરે પેમદા, મળનો જાદવરાય;
એકદુખે અમો દાઝીએ, બીજું કુબજાનું સુળ;
નીરગુણ જોગ વળી લખે, દાઝા ઊપર લુણ;
ક્યારે દામોદર દીલ ધરી, બેઠાશ્રી ભગવાન;
રત્નાના સ્વામીરે શામળા, કયારે મળશોરે;
કાન; ઓધવજી. ૪ (સાખી.)
ફાગણ આવ્યો હે સખી, કેસું ફુલ્યાં રસાળ;
રૂદન ફુલા રાધકા, ભમર કનહીયો લાલ;

સાધલોશીયાલોવહીગયો,આવ્યોફાગણમાસ;
અંતરમાંઅતીઉપજે,હોળીરમવાની આશ;
વસંતવધાવાને હું જતી, કંકુભરીને કચોળ;
કેસરી શાળુરે પહેરવા, મુખભરીને તંબોળ;
અબીલ ગુલાલ ઉડે ઘણા, વાગેતાલ મરદંગ;
કોકીલસબ્દશોહામણા,કંપે અબળાનું અંગ;
તરૂવર આંબો મહોરીયો,ફુલ્યાં કેસુડાં વંન;
અમો અબળાને એમટયું,મરઘું મુંઝાઈમંન;
વેરીવીધાતાએ લખ્યો,વાલાતણોરે વીજોગ;
રૂખનાના સ્વામીરે શામળા, આવીકરો સં
જોગ; ઓધવજીરે.૫ (સાખી.)
ચઈતરે ચતુરાં રસભરી, ઉભી જમુનાં તીર;
પંથન્યાળતી પરેમદાં, રડતાં ભીંજે ચીર;
ચઈતર માસનો ચાંદલો,રૂડી નીરમળરાત;
સ્વપનામાંસ્વામીરમીગયો,હૃદેથઈરળીયાત;
જાગીને જોતાં દીસેનહીં, શાળપડીછે પેટ;
બોલાવ્યા બોલે નહી, નાસી પેઠારે નેટ;
કોમળકરધરી દીવડા,ચતુરાં ન્યાળે ચોપાસ;
ખોળતાંખુટીરેરાતડી,નમળીયાશ્રીઅવીનાશ
પાછલીરાત પરોઢીયું, ઉઠી પ્રાતસકાળ;
નાસીડાજોસસંભાળને, આશું આળપંપાળ

સુખરવચનાનુ સાંભરે, ભીતર ભડકારે થાય;
રત્નાના સ્વામીરે શામળા,આવી મળતાંઓ:
લાય; ઓધવજીરે. ૬ (સાખી.)
વઈશાખ આવ્યોહુરાખી,વહીગયા ખટમાસ;
હજીસંદેસો નાવીયો, કાગળની શી આશ.
વઈશાખે વહાયા વાવલા,પાકયાંદાડમ દરાખ;
પાકીતરાંયણ આંબલી,ગળીઆંબાની સાખ;
લુકનાંલહેરાં લાગેઘણાં,બહાર નવ નીસરાય;
ધરતી ધખેને રવીતપે,કોમળ મુખ કરમાય;
ફુલડાંની સેજરા મારીયે,બેહુકે ચંપોનેજાય;
વાલાજી કેરે વીઝણે, કેને ઢોળું વાય;
માંગસમારૂ રે મોતીયે, સેંથે ભરૂંરે સીંદુર;
નાથજી લહાવો લીજીયે,જોબનજાય ભરપુર;
ગરીષ્મરૂતુઅતીદાહલી,વાલા વીચારોમંન;
રતનાના સ્વામી શામળા,સોંપ્યુ તનમન ધન;
ઓધવજીરે. ૭ (સાખી.)
જોડે જોડી સોગઠી, પાસાલીધા હાથ;
જાણ્યું પડશે પાધરા, અવળા પડીયા નાથ.
જોઠલાગી જોઈ વાટડી, કોઈ આવેને જાય;
કાગળકટકો મળયોનહીં,લખવા જાદવરાય;
મરણુ તેમુખથીકયમકહું ,મરણહરીનેરે હાથ;

पीतमगत मरूताथई रही, जाणवई कुंठनाथ;
सगपणसाचुं सहीकहे, प्रीत. पीतळ प्राक;
अरेऊखाणासाचोमळीयो,भलाहेसाव्यालोक
दोषअमारा अदरषनो, वालाजीनो शो वांक;
सुखदुखसरजयुं देहने,मारी वीधाताअेटांक;
चतुरथई नवचुकीये, जाण अबळानो धरम;
रत्नाना स्वामीरे शामळा, वळती बेसशे
करम; ओधवजीरे. ८ (साखी.)
अषाडआव्यो हेसखी, केम करी काढुं दन;
नाथनमेरा थईरह्या, ह्देपडयांरे रतन.
अशाडोघन ऊलटयो,माग्या वरसेरे मेह;
वीजलडी चमकाकरे, वाले दीधोरेछेह;
मोरना मोर सोहामणा,दादुर बोलेरे जोर;
कोयलडी टऊकाकरे, नाव्या नंद कीशोर;
रातअंधारी ऊंडआगीया,देखी झबकेरेमंन;
दीवडादीसे बीहामणो, नाव्यां जगजीवन;
लीलाचरणा अवनीअे धरयां, तरूवरे गोर
गंभीर;
पंखीडमाळाघालीया,जयां त्यांभरीयांरेनीर;
जोगीडा पण पंथपरहरी,बेठाअेकआसंन;
रत्नानास्वामीरेसामळा,आवो जुगजीवंन;

ઓધવજીરે. ૯ (સાખી.)
શ્રાવણ માશે સજથઈ, દરપણ નીહાળે અંગ;
તતક્ષણ તે ધરણી ઢળી, જાણે ડશો ભુજંગ;
શ્રાવણમાસ સોહામણો, હીંડોળાનારે દંન;
હીંચેતે રાણી રાધકા, ઘણું પીડે અનંગ;
સખી સાહેલી સઊમળી, જમુનાનાહાવારેજાય
કેસરી તીલક સોહામણાં, કોમળ રંગ્યારેપાય;
ગઊરીપુંજે સાહેલડી, ઊરમાં પુષ્પની માળ;
બીજારે કરમાં કંકાવટી, મુખે શ્રી ગોપાળ;
ચાર પહોરના જાગણ કરે, ગોરી ગરબારે ગાય
રાત થોડીને રમત ઘણી, રખે વહાણુંરે વહાય
શ્રાવણ પાકયો આંબલો, કોને કરીએ ભેટ;
રતનાના સ્વામીરે શામળા, આવોજમુનાને બેટ;
ઓધવજી. ૧૦ (સાખી.
ભાદરવે ભવન પાંચમે, ખળકે હીંડોળા ખાટ;
પુષ્પને પંખે પદમણી, જુએ વાલાની વાટ;
ભાદરવો ભરપુરમાં, ભલું જણાય જોર;
ગગન વીશે કરે કાટકા, નાવ્યા નંદકીશોર;
ઊતર દેશથી ઊલટયો, થયો ઘોર અંધાર,
વીજલડી ચમકા કરે, ના આવ્યા નંદકુમાર;
પંચરંગના આભમાં, મોટા તાણ્યારે મચ્છ;

ચંપક વરણીરે રાધીકા, ચીર ભીજાય રવરછ;
નદીએ નીર ભરયાં ઘણાં, નવદીશે ઉતાર;
વેરણ જમુના પુરે ચડી, પીયુડો પેલેરે પાર;
બાળ બધું સુખ દેહનું, જેનો નાથ નઠોર;
રતનાના શામીરે સામળા, બળતી બોલું છુ
જોર; ઓધવજી. ૧૧ (સાખી.)
આસોએ આશા હતી, મળવાની મનમાય;
ઓધવજી ભલે આવીયા, વીરા થાઓ વીદાય;
દુખના દહાડારે વહીગયા, આવ્યો આસોરે માસ
સઊ કો સપરમે દહાડલે, વસે પોતાને વાસ;
નવરે દહાડાં ગયાં નોરતાં, નાવ્યારે દસરારે માય;
મોટો ઓછવ દીવાળીનો, આવી કરશો હાંય;
સખી સાહેલી સઊ મળી, હરીને લેવાનેજાય;
આણે મારગ હરી આવશે, ઊલટ અંગનમાય
ધનતેરશ ધન ધોઈને, સજયા સોળ સણગાર;
નયણે તે કાજળ સારીયાં, મળવા નંદ કુમાર;
કોમળ કરમાંરે દીવડો, હઈડે હરખ અપાર;
હરીનેનીહાળવાનીસરી, ઊભીઆંગણાબહાર
મનના મનોરથ વહીગયા, એક ન સીદ્યું કાજ;
રતનાના શામીરે શામળા, વાલું કીધુ છેરાજ;

ઓધવજીરે. ૧૨ (સાખી.)
અધીકમાસ વળીઆવીયો,તેથીઆવ્યોત્રાસ
વળી એ કેવો વીતશે, વીતયા બારે માસ;
બારે માસતોવહી ગયા,તેરમાની શી પેર;
પુરૂશોતંમ પેહેલો નથી, કોણે કીધોછે કેર;
બારરવી બારપરવણી,અધીકુ ઓછું નથાય:
અધીકમાસકરમેકાંલ૫યો,ઘણો થયોદુખદાય;
વરવ પછવાડે વાછડું,મુંકયો મળમાશ;
રખે વળીયઊદમો કરે,એનો શોવીસ્વાસ:
રાધા,લલીતા,ચંદરાવળી,ભામા આદેવામ
સખીઓના મન મનાવીયાં, આવ્યા સુંદરશામ:
તેરમાસપુરણ થયા, જે કોઈ પ્રેમેરે ગાય;
સાંભળતાં સુખઊપજે, બેહુવઈકુંઠ જાય:
પદઅગનોતેરરાગસોરઠી, બતરીશોરપ્રબંધ;
ગુણીજનમન વીચારજો,એછે રસનોરે કંદ
સંવત સતર પંચાણુવો, માસમાગશર સાર;
પ્રથમપક્ષ એકાદશી, ઊતમ ચંદર વાર;
મનકરમવચન શુધેકરી,રચયા ત્રયોદશમાસ:
રત્નાનારચામીરે શામળા,પ્રીત પુરજો આશ;
ઓધવજીરે.૧૩